
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે કાલસર્પ યોગ છે. આજે ચાંડાલ યોગ છે.**

**મેષ** ચંદ્ર-ગુરુની પ્રતિયુતિ તમોને આગામી બે દિવસમાં નાનો મોટો ધાર્મિક પ્રવાસ કરાવશે. અઢી વર્ષની શનિની પનોતી ચાલતી હોઈ સાચવવું.

**વૃષભ** સાતમે શનિની અસરો ચોથે - દસમે ગુરુ - ચંદ્રની પ્રતિયુતિના કારણે ઓછી થશે. ધ્યાન રાખીને ચાલવું. ચિંતાના આવરણ હશે તો દૂર થશે.

**મિથુન** નવમે ભાગ્યમાં ચંદ્ર દેશાવરના લાભ મળે તેવા સમાચાર લાવે - દિવસ સારો જશે - કૌટુંબિક સુખ સારું મળશે - પ્રશ્નોના નિવેડા આવશે.

**કર્ક** સાતમે સૂર્ય એ.સી.ડી.ટી.ના યોગ ઊભા કરે છે - તબિયત સાચવવી - ચોથે મંગળને સાતમે સૂર્યને કારણે પડવા - વાગવા - દાઝવાનો યોગ છે.

**સિંહ** તમારે ખાસ કરીને તમારી વાણી ઉપર કાબૂ રાખવો જરૂરી છે. ચાંડાલ યોગને અઢી વર્ષની પનોતીના કારણે તમારી વાણીમાં તોછડાઈને અપશબ્દો ના આવે તેનું ધ્યાન રાખશો.

**કન્યા** બીજે મંગળને ત્રીજે શનિ તમારી વાણી પર તમારો કાબૂ નહીં રહે તેમ સૂચવે છે. ધ્યાન રાખીને શબ્દપ્રયોગો કરશો તો ફાવશો - નહીં તો શત્રુઓ વધશે.

**તુલા** રાશિમાં મંગળ - બીજે શનિ - ચોથે સૂર્ય બુધની યુતિના કારણે તમારા બોલવામાં વારંવાર ક્રોધ - આવેશ - ગુસ્સાને લીધે અપશબ્દો આવી જાય - સાચવશો તો ફાવશો.

**વૃશ્ચિક** શનિની સાડાસાતી ચાલે છે પરંતુ અન્ય શુભગ્રહોની સ્થિતિના કારણે આજના દિવસમાં મિશ્રફળ મળશે - સારા - નરસા પ્રસંગો બનશે - ચિંતા કરવા જેવું કાંઈ નથી.

**ધન** શુભગ્રહોની સ્થિતિ જોતાં તમારી શનિની સાડાસાતીની પનોતીમાં કોઈ ચિંતાના આવરણ આવશે નહીં - અણધાર્યા ખર્ચા વધશે.

**મકર** ગ્રહોની સારી સ્થિતિ જોતાં આ સમયમાં તમારા માટે ખોટા ખર્ચા કરવાના યોગો ચાલે છે. ખર્ચા અંગે સાચવશો - વાણી ઉપર કાબુ રાખશો.

**કુંભ** રાશિમાં ચંદ્ર તમારા વ્યક્તિત્વને નિખારે છે - આજે તમો વધુ પ્રિય નીવડશો. આજુબાજુના તમારા વર્તુળમાં તમો આગળ પડતા ચાલશો - પ્રિય થશો.

**મીન** ચંદ્રને મંગળની સ્થિતિમાં જોતાં આજે તમો નાના મોટા નુકસાનમાં ઉતરશો - ખોટા ખર્ચા કરશો - ન બોલવાનું બોલશો - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

## કંપની સમાચાર

### પોલારિસ ઈન્ડિયાનું ઓટો એક્સ્પો ૨૦૧૬માં રોડ માસ્ટર સાથે શાસન

ઓફ રોડ અને ઓલટેરેન વ્હીકલ્સમાં વિશ્વની ટોચની કંપની પોલારિસ ઈન્ડસ્ટ્રીઝ ઈન્કો. લિ.ની સંપૂર્ણ સબસીડીયરી પોલારીસ ઈન્ડિયા પ્રા.લિ.એ ઓટો એક્સ્પો ૨૦૧૬માં તેના ઉત્તેજનાત્મક વાહનોની શ્રેણી પ્રદર્શિત કરી છે. ઓટો એક્સ્પો ૨૦૧૬માં પોલારિસ ઈન્ડિયાની બ્લુડાયમન્ડ ઈન્ડિયન રોડમાસ્ટર, પર્લ વ્હાઈટ ઈન્ડિયન ચીફ ક્લાસિક ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ ઉપરાંત ઈન્ડિયન ચીફ ડાર્ક હોર્સ, ઈન્ડિયન ચીફ વિન્ટેજ, ઈન્ડિયન સ્કાઉટ અને ઈન્ડિયન ચીફટેઈનને પણ પ્રદર્શિત કરવામાં આવી છે. પોલારિસ ઈન્ડિયા પ્રા.લિ.નાં મેનેજિંગ ડાયરેક્ટર શ્રી પંકજ દુબેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'અમારી વૈશ્વિક યોજનાઓમાં ભારત અમારા માટે ઘણું મહત્વનું કેન્દ્ર છે. આથી અમે હૃદયથી બનાવેલી પ્રોડક્ટોને ભારતમાં લાવી રહ્યા છીએ. ઓટો એક્સ્પો ૨૦૧૬માં આજની અને આવતીકાલની શ્રેષ્ઠ પ્રોડક્ટોને રજૂ કરવામાં આવી છે.

### ઓડી ઈન્ડિયાએ ઓટો એક્સ્પો ૨૦૧૬માં વાહનોની ઉત્કૃષ્ટ શ્રેણી પ્રદર્શિત કરી

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ નવી દિલ્હીમાં યોજાયેલા ઓટો એક્સ્પો ૨૦૧૬માં વાહનોની ઉત્કૃષ્ટ શ્રેણી પ્રદર્શિત કરી છે. ઓટો એક્સ્પો ૨૦૧૬માં ઓડી દ્વારા સર્વપ્રથમવાર ઓડી R8 V10 પ્લસની રજૂઆત કરવામાં આવી છે. કંપનીએ આ ઉપરાંત ન્યુ ઓડી R8 L સિક્યોરિટી અને પરફોર્મન્સ કારની વિશાળ શ્રેણી ઓડી RS 7, ઓડી TT કૂપે, ઓડી S3 કેબ્રિયોલેટ, ન્યુ ઓડી Q7 અને ઓડી SQ5 ને પણ પ્રદર્શિત કરી હતી. ઓડી દ્વારા ઓટો એક્સ્પો ૨૦૧૬માં ઓડી A6 ઓન રોડ અને ઓડી પ્રોલોગની પણ રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઓડી એજીના સેલ્સ ઓવરસીઝ વિભાગના વડા શ્રી ટેરેન્સ બ્રીસ જોહનસન અને ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી જો કિંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી ટેરેન્સ બ્રીસ જોહનસને જણાવ્યું હતું કે, 'ઓટો એક્સ્પો ૨૦૧૬માં ઓડીની ઉત્કૃષ્ટ શ્રેણી રજુ કરતા આનંદ થાય છે. તે એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે કે જેમાં અમે અમારી ટેકનિકલ અને ડિઝાઈન નિપુણતા પ્રદ્શિત કરી શકીએ છીએ.' ઓડી ઈન્ડિયાનાં અધ્યક્ષ શ્રી જો કિંગે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ઓડીની ભારતમાં પ્રથમ દશકાની સફર ઉત્તેજનાસભર રહી છે.

### વેલા પ્રોફેશનલ્સ દ્વારા અમદાવાદમાં ટેકનીકલ સેન્ટર લોન્ચ કરાયું

વેલા પ્રોફેશનલ્સે હાલમાં અમદાવાદ ખાતે તેનો ટેકનીકલ સેન્ટર લોન્ચ કરવામાં આવ્યું હતું. વેલા પ્રોફેશનલ્સે અમદાવાદમાં વેલા ટેકનીકલ સેન્ટર રજૂ કરવા સાથે હેર ડ્રેસિંગ ઉદ્યોગમાં ફરી એકવાર ક્રાંતિકારી પગલું લીધુ છે. સાસૂન એકેડેમી અત્યંત પ્રતિષ્ઠિત એકેડેમી છે, જેમાં દુનિયાભરના બધા હેરડ્રેસરો એકબીજા સાથે હાથ મેળવે છે અને અનુભવોનું આદાન-પ્રદાન કરે છે. વેલા ઈન્ડિયા ભારતમાં સાસૂનની ખાસ ભાગીદાર હોઈ તેણે આંતરરાષ્ટ્રીય હેર પ્રોફેશનલ્સ સાથે ભારતીય હેર સ્ટાઈલિસ્ટોને સમકક્ષ મુકવા માટે સૌથી પ્રતિષ્ઠિત વેલા એકેડેમીને સાકર કરી છે. સ્ટુડિયો વેલા પ્રોફેશનલ્સ સાથે વેલા પ્રોફેશનલ્સ એલીમેન્ટસ રેન્જ અને ઈલ્યુમિના કલરના વર્ષના સૌથી ભવ્ય લોન્ચ પણ પ્રદર્શિત કરાય હતા.

વેલા પ્રોફેશનલ્સે ભારતીય બજારમાં એલીમેન્ટસ રજૂ કર્યુ છે. જે સસલ્ફેટસ પેરાબીન્સ અને કૃત્રિમ રંગોથી મુક્ત કેર પ્રોડક્ટોની વેલા પ્રોફેશનલ્સની પ્રથમ રેન્જ છે. લકઝુરિયસ અનુભવ આપવા માટે વેલા પ્રોફેશનલ્સે અમેઝોન જંગલના હરિત વૂડ્સ દ્વારા પ્રેરિત નવું ફ્રેગન્સ ખાસ નિર્માણ કર્યુ હતું.

# પીરાણા ખાતે રાજયના શ્રેષ્ઠ પશુપાલકોને ૨૪ લાખથી વધુ રકમના ઈનામ અપાશે

ગાંધીનગર, તા. ૯

રાજયના શ્રેષ્ઠ પશુપાલકોના બહુમાનથી અન્ય પશુપાલકોને પશુપાલનનો વ્યવસાય કરવાની પ્રેરણા મળે તેમજ રાજયની પશુઓની શ્રેષ્ઠ ઓલાદોના આનુવંશિક ગુણધર્મોની જાળવણી માટે પ્રોત્સાહન મળે તે હેતુથી આગામી તા. ૧૨મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૦૦ કલાકે દશક્રોઈ તાલુકાના પીરાણા ખાતે ૫૬૫ જેટલા રાજયના શ્રેષ્ઠ પશુપાલકોનું મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે રૂ. ૨૪ લાખથી વધુના ચેકો તેમજ પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવશે.

રાજ્યકક્ષાના એવોર્ડમાં પ્રથમ એવોર્ડને રૂ. ૨૫૦૦૦, દ્વીતીય એવોર્ડને રૂ. ૧૫૦૦૦, તૃતીય એવોર્ડને રૂ. ૧૦૦૦૦ અને જિલ્લા કક્ષાના એવોર્ડમાં પ્રથમ એવોર્ડને રૂ. ૭૦૦૦, દ્વીતીય એવોર્ડને રૂ. ૫૦૦૦ તેમજ તાલુકા કક્ષાના એવોર્ડમાં પ્રથમ એવોર્ડને રૂ. ૫૦૦૦, દ્વીતીય એવોર્ડને રૂ. ૩૦૦૦ આપવામાં આવશે. આમ ચાલુ વર્ષે રાજયના કુલ ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને કુલ રૂ. ૨૪,૩૦,૦૦૦ના ચેકોનું વિતરણ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં રાજયકક્ષાના-૩, જિલ્લાકક્ષાના-૬૬, તાલુકાકક્ષાના-૪૯૬, એમ કુલ મળીને ૫૬૫ પશુપાલકોને સન્માનિત કરી ચેક તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં અંદાજે ૧૫૦૦થી વધુ પશુપાલકો ઉપસ્થિત રહેનાર છે તેમ પશુપાલન નિયામકશ્રીએ જણાવાયું છે.



ભારત સરકાર દ્વારા દરેક શહેરો તથા ગ્રામ્ય વિસ્તારમાં એગ્રોની દુકાન ધરાવતા અને જંતુનાશક દવાઓ અને બિયારણનું વેચાણ કરતા વહેપારી પાસે બી.એસ.સી. (એગ્રી) અથવા બી.એસ.સી. કેમિસ્ટ્રી અથવા બાયો કેમિસ્ટ્રી, બાયો ટેકનોલોજી અથવા લાઈફ સાયંસ બી.એસ.સી. (બોટની) ડીગ્રી હોવાનું ફરજીયાત કરતા મોટાભાગમાં દવાનું વેચાણ કરતા વહેપારીગણ પાસે આ ડિગ્રી ન હોવાથી આજે દિયોદર એગ્રો એસોસિયેશન દ્વારા પોતાના રોજગાર-ધંધા બંધ રાખી રેલી યોજી દિયોદર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય સ્તરે નિમણુંક

ગાંધીનગર, તા.૯

તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ અખિલ ભારતીય



વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને રાષ્ટ્રીય કાર્યકારીણીમાં સમાવી પ્રભારી મંત્રી તરીકે સર્વાનુમતે નિયુકત કરાયા છે. દેશના જુદા જુદા રાજયોના અંદાજીત ૨૫૦૦૦થી વધુ ડેલીગેટસોની ઉપસ્થિતિમાં હાલમાં દિલ્હી ખાતે અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્ત્થાન સંગઠનનું એક રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેમાં ઉત્તરપ્રદેશ, હરિયાણા, હિમાચલપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર તેમજ નવી દિલ્હી અને ગુજરાત સહીત ૧૩ પ્રતિનિધિઓની રાષ્ટ્રીય કાર્યકારીણી સમિતિ માટે વરણી કરાઈ હતી. આ ૧૩ પ્રતિનિધિઓમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને પણ સમાવાયા છે.

ઠાકોર મિસ્ત્રી સુથાર સમાજ ગુજરાત નામની સંસ્થાની નોંધણી કરાવી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી જેવા જ્ઞાતિમાં વહેંચાયેલા સમાજને સંગઠીત કરવા છેલ્લા ૨૦ વર્ષથી સતત પ્રયત્નશીલ છે અને તેઓએ જ્ઞાતિજનોને સરકારની યોજનાઓ તથા બક્ષીપંચનો લાભ અપાવવા કાર્યરત રહ્યા હતા તેઓની નિમણુંકથી સુથાર સમાજ ગુજરાતના પદાધિકારીઓ તથા સુથાર જ્ઞાતિઓમાં આનંદની લાગણી વ્યાપી છે.

## બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના સંયુકત ઉપક્રમે તા. ૨૩મી એપ્રિલના રોજ વડોદરામાં 'જીવનસાથી પસંદગી સંમેલન' ૪૬મું નું આયોજન ગોઠવવામાં આવેલ છે. ભાગ લેવા ઉત્સુક વાલી/ઉમેદવારોએ સત્વરે પોતાની માહિતી ટપાલથી શ્રી ઈશ્વરભાઈ દવે ૯, કમલકુંજ સોસાયટી, નિઝામપુરા વડોદરાને અથવા શ્રી શંભુપ્રસાદ ઠાકોર-૮૩, મહેશ્વરનગર સોસાયટી-વિમલનાથ કો. સુભાનપુરા વડોદરા, શ્રી અશોકભાઈ જોષી બી-૧૬ ક્રિષ્ણા ટાઉનશીપ-યશ કોમ્પ્લેક્ષ સામે-વડોદરા, શ્રી ચંદ્રેશ ક્ષત્રીય-અંજની સ્ટેશનરી એન્ડ ગીફટ શોપ-૧૨ સનરાઈઝ કોમ્પ્લેક્ષ અંબે સ્કુલ સામે માંજલપુર, શ્રી હાર્દિકભાઈ વ્યાસ એફએફ/૭ અમરદીપ કોમ્પ્લેક્ષ સામે ગોત્રી રોડ વડોદરાનો સંપર્ક કરવા જણાવેલ છે.

## પટેલ સમાજ અમદાવાદ દ્વારા જીવનસાથી પસંદગી

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા પાટીદાર લેઉવા પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મિલન સમારોહ વિના મૂલ્યે તા. ૧૦થી ૧૫ ફેબ્રુઆરી ૬ દિવસ માટે સવારે સાડા દશથી સાંજે સાડા છ વાગ્યા સુધી અમદાવાદમાં યોજાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેમણે સંપૂર્ણ બાયોડેટા કલર ફોટા સાથે વાલી જોડે રૂબરૂ મળવું. પસંદગી મેળાનું સ્થળ આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ-જોધપુર ચાર રસ્તા-અમદાવાદ-૧૫ ખાતે રહેશે. વધુ માહિતી માટે ૯૯૨૪૦૨૩૩૪૪૫પર સંપર્કસાધવો.



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્ગો પર શિયાળાની સિઝનના અંતિમ ચરણોમાં સ્ટ્રોબેરી ફળ વેચતા ફેરીયાઓ નજરે ચડી રહ્યા છે. મોડાસા શહેરની ફ્રુટલારીમાં બોક્સ પેકીંગમાં ઉપલબ્ધ સ્ટ્રોબેરી ફળ લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ૪૦ રૂ. ૨૦૦ ગ્રામ બોક્સ પેકિંગ ખરીદવા શહેરીજનોની ભારે ભીડ ઉમટી છે. ફળમાં મોંઘા અને જ્યુસ અને મીઠાઈમાં આગવુ સ્થાન ધરાવતી સ્ટ્રોબેરી સસ્તા ભાવે મળતા શહેરીજનોમાં અને બાળકોમાં સ્ટ્રોબેરી ખાવા ઉતાવળા બન્યા છે. મોડાસા શહેરમાં કામકાજ અર્થે આવતા ગામડાના લોકોમાં સ્ટ્રોબેરીના ફળે ઉત્સુકતા જગાવી ફેરીયાઓને ફળ વિષે પુછતા હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ૧૪ ફેબ્રુઆરીને વેલેન્ટાઈનડેના દિવસે દિલ આકારમાં મળતી સ્ટ્રોબેરી યુવાઓ દ્વારા પ્રેમના પ્રતિક રૂપે એકબીજાને આપીને પ્રેમનો એકરાર કર તો નવાઈ નહિ. મોડાસા શહેરમાં હાલ તો સ્ટ્રોબેરીના ફળે અન્ય ફળફળાદીને મ્હાત આપી છે.



## પ્રાંતિજ ખાતે આશા સંમેલન તથા વોટર ટેસ્ટીંગ વર્કશોપ યોજાયો

પ્રાંતિજ ખાતે આવેલ શ્રી દશામાના મંદિર ખાતે આવેલ વિશાળ હોલમાં આશા સંમેલન તથા વોટર ટેસ્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તથા તાલુકાની આશા બહેનોને ડૉક્ટરો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તથા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા મંગળવારના રોજ આશા સંમેલન તથા વોટર ટેસ્ટીંગ વપ્કશોપ વિશે આશા બહેનોને માહિતી તથા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. જેમાં મહિલા શસક્તિ કરણ, બેટી વધારવો, બેટી વધાવો, કુપોષણ દૂર કરવું જ્યારે આરોગ્ય વોટર ટેસ્ટીંગ વર્કશોપનું પેટીકલ જ્ઞાન આપી સમજ આપી હતી. જ્યારે આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી, અધિકારી જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જયંત કનોરીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક, ડૉ. એ.કે. ભાટી વગેરે ઉપસ્થિત રહીને આશા બહેનોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# ગુજરાત યુનિવર્સિટીમાં મોટાપાયે અધ્યાપકો અને કર્મીઓની જગ્યા ખાલી

## સૌથી જુની ગુજરાત યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીમાં ખાલી જગ્યાઓથી શિક્ષણને પ્રતિકૂળ અસર થઈ રહી છે

અમદાવાદ, તા.૯

રાજયની સૌથી મોટામાં મોટી સૌથી જુની ગુજરાત યુનિવર્સિટી અને રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં મોટા પાયે અધ્યાપકો વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની મોટાપાયે ખાલી જગ્યાઓને લીધે ઉચ્ચ શિક્ષણને અને ખાસ કરીને પ્રવેશ, પરિક્ષા, પરિણામ અને પદવીદાન પર ગંભીર અસર પડી રહી હોવાનો વિગતો સાથે આક્ષેપ કરતાં એન એસ યુ આઈના અમદાવાદ શહેર જિલ્લાના ઉપપ્રમુખ ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન ભવનોમાં વિવિધ વિષયોના કુલ અધ્યાપકોમાંથી માત્ર ૧૨૦ની જગ્યા ભરાયેલ છે અને ૯૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. યુનિવર્સિટીમાં વર્ગ-૧ની ૨૩૩ જગ્યામાંથી ૧૦૯ જગ્યાઓ લાંબા સમયથી ખાલી જગ્યાઓ છે. જ્યારે વર્ગ-૨ની ૫૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી છે.

વર્ગ-૩ની ૨૪૨ જગ્યાઓમાંથી ૧૦૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. વર્ગ-૪ની ૨૨૮ જગ્યાઓમાંથી ૧૮૦ લાંબા સમયથી ખાલી છે. યુનિવર્સિટીના સત્તાધીશો વિદ્યાર્થીઓ પાસેથી કરોડો રૂપિયા ફી પેટે ઉધરાવે છે અને બીજી બાજુ મહત્વના કામ જેમકે અભ્યાસ અને તેને સંલગ્ન જરૂરી કામ માટે અસહ્ય વિલંબ થાય છે. ડુપ્લીકેટ માર્કશીટ, એલીઝીબીટી, માઈગ્રેશન સર્ટીફિકેટ, પદવીદાન, કામ ચાલાઉ પ્રમાણ પત્ર જેવી અનેક બાબતોમાં કોલેજ અને યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થીઓ ફુટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે અનેક કિસ્સાઓમાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે કામના ભારણને લીધે સંઘર્ષ થાય છે. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વર્ષથી અધ્યાપકો, વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ સહિતની મહત્વની જગ્યાઓ તાકીદે ભરાય તે માટે સેનેટ અને સિન્ડીકેટ તરફથી ઠરાવ કરવામાં આવે છે પણ તેનો અમલ રાજય સરકાર ગંભીરતાથી લેતી નથી અથવા તો જાણી જોઈને વિદ્યાર્થીઓના હિતમાં ભાજપ સરકાર કરતી નથી. પરિણામે ગુજરાત ઉચ્ચ શિક્ષણ જવાને બદલે પાછળ ધકેલાઈ ગયું છે.

### વર્લ્ડકપમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ શરૂઆત કર્યા બાદ મોડેથી સ્થિતિ સુધારી હતી. ત્રણ વખત ચેમ્પિયન બની ચુકેલી ભારતીય ટીમ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે યોજાનાર ફાઈનલ મેચમાં બાંગ્લાદેશ અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલ મેચના વિજેતા સાથે ટકરાશે. ટોસ હારી ગયા બાદ મેદાનમાં ઉતરેલી ભારતની ટીમની શરૂઆત નિરાશાજનક રહી હતી અને રિષભ પંત ૧૪ અને કેપ્ટન ઈશાંત કિશન સાત રન કરીને આઉટ થયા હતા. ભારતે ૧૦ ઓવરમાં બે વિકેટે ૨૭ રન કર્યા હતા. મેદાન પર છવાયેલા વરસાદી વાદળો વચ્ચે બેટિંગ કરવાની બાબત આદર્શ ન હતી પરંતુ અનમોલને શાનદાર ફોર્મ જાળવી રાખીને સરફરાઝ સાથે ત્રીજી વિકેટની ભાગીદારીમાં ૧૨૬ બોલમાં ૯૬ રન ઉમેરી દીધા હતા. આઈપીએલમાં રમી ચુકેલા સરફરાઝે છ ચોગ્ગા અને એક છગ્ગા સાથે રન બનાવ્યા હતા. સરફરાઝ હજુ સુધી આ ટુર્નામેન્ટમાં ૭૬, અણનમ ૨૧, ૭૪ અને ૭૪ રનની ઈનિંગ્સ રમી ચુક્યો છે. તેની બેટિંગથી તમામનું ધ્યાન ખેંચાયુ છે. શ્રીલંકાની ટીમ માત્ર ૧૭૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ડાગરે ત્રણ વિકેટ ઝડપી હતી. અનમોલની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરાઈ હતી. અનમોલપ્રિતે પોતાની ઈનિંગ્સ દરમિયાન શાનદાર શોર્ટ ફટકારીને તમામને રોમાંચિત કરી દીધા હતા.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

'કંઈ જ ખબર નથી. પણ તેને જે વાત કરેલી તેનાથી હું હચમચી ગયો હતો.'

'સારું..સારું.. ખાઈ લો ભાજી ઠંડી થઈ ગઈ.' પત્ની એ નારાજગીથી કહ્યું.

હું ચૂપચાપ પાઉંપાજી ખાવા લાગ્યો. મારું મન અને નજર હજું તેને શોધે છે. ઘેર પાછા ફરતાં રસ્તામાં આખી વાત મેં મારી પત્નીને કહી. એ પણ એક અજાણ્યા છોકરાના વિચારે ચડી ગઈ.

### hello ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

મિત્રો હોય કે મીડિયા આવી કોઈ બદનામી કરે એને ઉગતાં જ ડામી દો, લાલ દુપટ્ટેવાલી કહેનાર સામે લાલ આંખ કરો એટલે બોડી શેમિંગની બબાલ ખતમ!!

**ચૂંટલો :** દેખાવ, ડ્રેસિંગ અને શરીર પર ખાસ કરીને યુવતીઓ માટે કોમેન્ટ્સ તો થતી જ રહેવાની, તમારો સણસણતો જવાબ, સમાજની સમજદારી અને પરિવારનો વિશ્વાસ જ તમને આવી હલકી કોમેન્ટ્સથી બચાવી શકે, કોમેન્ટ્સને પ્રોત્સાહનની જગ્યાએ પ્રતિકાર કરો, કોઈ માઈનો લાલ નામ નહીં લે.

### એક મંચ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે પાર્ટીના લીડરો સાથે પણ કોઈ વાતચીત કરનાર નથી. મોદી રાજકીય કોઈ કાર્યક્રમ કરનાર નથી. જેથી સ્થાનિક પાર્ટી નેતાઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. બંગાળ ભાજપના પ્રવકતા કૃષ્ણુ મિત્રાએ કહ્યુ છે કે વડાપ્રધાન માત્ર બે કલાક માટે બંગાળ પહોંચી રહ્યા છે. જ્યાં સુધી તેમની પાસે માહિતી છે મોદી કોઈ બેઠક રોકાણ દરમિયાન ભાજપના નેતાઓ સાથે કરનાર નથી. તેમણે કહ્યુ હતુ કે અમારી પાર્ટીના નેતાઓ સાથે તેઓ હાલમાં દિલ્હીમાં છે. વડાપ્રધાનની ઓફિસ પાસેથી મુલાકાત માટેનો સમય મેળવી લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.જો અમને મોદીને મળવાની તક મળશ તો પાર્ટીના નેતાઓ માટે થોડોક સમય કાઢવા માટે અપીલ કરવામાં આવશે. એવુ જાણવા મળ્યુ છે કે મોદી ખુબ ઓછા સમય માટે બંગાળમાં રોકાનાર છે. મોદી રાજ્ય સરકારના પ્રોજેક્ટનુ ઉદ્ઘાટન કરવા માટે સાગર આઈલેન્ડ જનાર છે. ઉપરાંત તેઓ કોલક્તામાં ગૌડિયા મઠમાં પણ જનાર છે. તમામ કાર્યક્રમોમાં મમતા બેનર્જી તેમની સાથે રહી શકે છે. મિત્રાએ કહ્યુ તુ કે આ યાત્રા દરમિયાન મોદી માટે કોઈ જાહેર સભા યોજવી અશક્ય સમાન રહેશે. હાલમાં બંગાળમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ છે. કારણ કે માધ્યમિક પરીક્ષા ચાલી રહી છે. કેટલાક કાર્યક્રમો અને ફેબ્રુઆરી મહિનામાં અન્ય પરીક્ષા લેવામાં આવી રહી છે. જેથી મોદી માટે રેલીનુ આયોજન કરાઈ રહ્યુ નથી. જો કે મોદીના ચાહકો આના કારણે નિરાશ થયા છે.

## કેન્દ્ર સરકાર સમક્ષ ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્તરે આયોજન અસરકારક બનશે. આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે, એમ્પ્લોઈબિલીટી ઈન્ડેક્સને યુનિવર્સિટી અને કોલેજોમાં કોર્સ માટે ફરજિયાત કરવાની વાત પણ કરવામાં આવી છે. ખાનગી યુનિવર્સિટીઓમાં વહીવટીની સાથે સાથે વૈધાનિક અંકુશને અસરકારક બનાવવાની વાત કરાઈ છે.

વર્તમાન પરીક્ષા વ્યવસ્થામાં સુધારાનું સૂચન પણ કરાયું છે. તમામ યુનિવર્સિટીઓ દ્વારા ડિસ્ટન્સ અને ઓનલાઈન કોર્સ શરૂ કરવાની વાત પણ કરાઈ છે. યુનિવર્સિટી અને કોલેજોમાં ઓનલાઈન પરીક્ષા વ્યવસ્થા રજૂ કરવાનું સૂચન પણ કરાયું છે. ખાનગી સેક્ટરને લેબ, કોમ્પ્યુટરની સુવિધા અને લાઈબ્રેરીની સુવિધાને આધુનિક બનાવવા માટે મોટી જવાબદારી સોંપવાનું સૂચન કરાયું છે.

શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને નાણાંકીય સહાયતા સરળતાથી મળે તેવી વાત પણ કરવામાં આવી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રાલયને મોકલવામાં આવેલા સૂચનોની માહિતી પ્રકાશિત કરવામાં આવ્યા બાદ નવી આશા જાગી છે.